# નહીં મેલું રે સુંદર શ્યામ

(પ્રેમાનંદ સ્વામી)

નહીં મેલું રે સુંદર શ્યામ, કુંજવિહારી રે;
હું તો દામ વિનાની નાથ, દાસી તમારી રે.

તમે ગુણવંત સુખના ધામ, સારંગપાણી રે;
હું તો હાથે તમારે નાથ - જી વેચાણી રે.

જેમ રાખો તેમ રહું નાથ, એક પગે ઊભી રે;
નહીં વરતું કોઈ દિન નાથ, તમને દૂભી રે.

તારા ચરણ તની રજ શ્યામ, થઈને ચાલું રે;
કહો તો વ્રત રાખું વ્રજરાજ, તમને વ્હાલું રે.

જે કહેવું ઘટે તે ક્હાન, મુજને કહેજો રે;
વ્હાલા પ્રેમાનંદ પર નાથ, રાજી રહેજો રે.

ભક્તિમિત્ર • bhaktimitra.in